# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨ તારીખ: 17 MAR 2022

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

ઇન્ડસ ટાવર લી.,

૧૦૩, બલેશ્વર સ્કવેર, એસ.જી. હાઈવે,

અમદાવાદ - ૩૮૦૦૧૫

[illegible]

મોબાઇલ નંબર:- ૭૨૨૬૯ ૧૩૧૪૧

વિષય :- કેસ નંબર પીજી ૦૨/૦૦૩/૨૦૨૧-૨૨

<u>સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૩/૨૦૨૧-૨૨</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-003-2021-22

**ઈન્ડુસ ટાવર લી.**
રહે.૧૦૩,બલેશ્વર સ્કવેર,એસ.જી.હાઈવે,
અમદાવાદ – ૩૮૦૦૧૫ ............અરજદાર.

વિરુધ્ધ.

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ, ભચાઉ સબ ડીવીજન,
ભચાઉ – કચ્છ. ..........સામાવાળા.

**બાબતઃ**– સેવામાં ખામી અંગે....

**અરજદાર તરફે** :– જાતે
**સામાવાળાના તરફે** :– શ્રી વી.જે.ડઢાણીયા કાર્યપાલક ઈજનેરશ્રી, ભચાઉ

કોરમ : (૧) શ્રી બીપીન પી.બુચ – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર

**સુનાવણી સ્થળઃ** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૨૫/૧/૨૦૨૨

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર કંપની સામાવાળા વિજ કંપનીનું ગ્રાહક નં. ૩૮૬૨૦/૦૦૦૯૫/૦ વાળું ધરાવે છે અને સદર ગ્રાહકનંબર અન્વે રીકવરી

બિલ રૂા ૯૯,૦૬૯/– આવતા તે અંગે રાપર કચેરીને ઈ–મેઈલ મારફતે તા.૨–૫–૨૦૨૧ ના રોજ જાણ કરેલ તેમ છતાં કોઈ દાદ ન મળતા હાલની ફરીયાદ મારફતે દાદ માંગવામાં આવેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે ગ્રાહક યશ મોજગરે ગ્રાહકન નં. ૩૮૬૨૦/૦૦૦૯૫/૦ ગ્રાહક નામ ભારતી ઈન્ફ્રાટેલ લી. ને અત્રેથી GERC Notification 6.33 મુજબ અરજદારને રકમ જમાં આપી તેઅંગેજાણ કરવામાં આવેલ છે, અરજદારને ૯ માસના બિલમાંથી GERC Notification 6.33 મુજબ ૬ માસના વિજ બિલની રકમ ભરવાપાત્ર હોઈ ૩ મહિનાના બિલની રકમ જમાં આપેલ હોઈ અરજદારને ધોરણસર દાદ આપેલ હોઈ હવે કોઈ દાદ મળવાપાત્ર નથી.

૩. પક્ષકારોની રજુઆત જોતા અરજદાર કંપની ગ્રાહક નં. ૩૮૬૨૦/૦૦૦૯૫/૦ વાળું વિજ કનેકશન ધરાવે છે અને સદર કનેકશન અન્વયે અરજદારને રૂા ૯૯,૦૬૯/–નું આપવામાં આવતા સદર બિલની રકમ અન્વયે અરજદારે દાદ માંગેલ હોઈ સામાવાળા તરફથી અરજદારને GERC Notification 6.33 મુજબ ૬ માસના વિજ બિલની રકમ ભરવાપાત્ર હોઈ ૩ મહિનાના બિલની રકમ જમાં આપેલ હોઈ અરજદારને ધોરણસર દાદ આપી તે અંગે અરજદારને જાણ કરેલ અરજદારની અરજી ટકવાપાત્ર નથી.સામાવાળાની રજુઆત જોતા GERC Notification 6.33 મુજબ અરજદારને મળવાપાત્ર સદર બિલ અન્વયે દાદ આપેલ હોઈ સામાવાળાને સેવામાં કોઈ ખામી ન હોઈ આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૫/ ૦૧ /૨૦૨૨ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(બીપીન પી.બુચ)
ચેરપર્સન

*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.*

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯